Extra No. 28

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] MONDAY, JANUARY 12, 2026 / PAUSHA 22, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખઃ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીવાય/૨૮/૨૦૨૫/જીએચએસ/૧૦૨૦૧૨/૪૧૬૯/ટી.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Dental Surgeon, Class II, Recruitment Rules, 2014

ડેન્ટલ સર્જન (દંત સર્જન), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી

જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીવાય/૨૮/૨૦૨૫/જીએચએસ/૧૦૨૦૧૨/૪૧૬૯/ટી:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ડેન્ટલ સર્જન (દંત સર્જન), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, ડેન્ટલ સર્જન (દંત સર્જન), વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ડેન્ટલ સર્જન (દંત સર્જન), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪માં, નિયમ ૮ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૮. પસંદગી પામેલો ઉમેદવાર, તેની નિમણૂકના સમયે એવી રીતે રજિસ્ટર થયેલ ન હોય, તો તેણે, દંત ચિકિત્સક અધિનિયમ, ૧૯૪૮ હેઠળ ગુજરાત રાજ્ય ડેન્ટિસ્ટ કાઉન્સિલ દ્વારા જાળવવામાં આવતા દંત ચિકિત્સકો(ડેન્ટિસ્ટ્સ)ના રજિસ્ટરમાં પોતાના નામનું રજિસ્ટ્રેશન(નોંધણી) કરાવવાનું રહેશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શીતલ પટેલ,

સરકારના ઉપસચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.29 16:04:09 IST